જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૬/૧૧/૨૦૧૭ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

<u>નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૭૩/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૭૧ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૨૩૪ લીટર દેશી દારૂ, ૧૨૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૮ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૨૪ બીયરટીન અને ૦૪ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૫ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૦૩,૬૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u> <u>સમાચાર યાદી નં.૨૩૭૪/૧૭</u>

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>વિશ્વાસઘાત અને છેતરપીંડી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૩૭૫/૧૭</u>**

**ક્રાઇમબ્રાન્ચ :** ઉસ્માનભાઇ હાજીભાઇ ઘાંચી (ઉ.વ.૫૩)(રહે,નિર્ભયનગર સોસાયટી, શાહઆલમ દરવાજા પાસે) એ ક્રાઇમબ્રાન્ચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આજથી વીસેક દિવસ પહેલા થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી રાહુલભાઇ ધ્યાની (જેના પુરા નામ-ઠામની ખબર નથી) એ સી.જી.રોડ પ્રેસીડેન્ટ હોટલની બાજુમાં કોઇ ફ્લેટ ખાતે ઉસ્માનભાઇને જમાલપુર-ખાડિયા વિધાનસભા સીટ ઉપર ભારતીય જનતા પાર્ટીમાં વિધાનસભા ના ઉમેદવાર તરીકે ની ટિકીટ આપવા માટેનો વિશ્વાસ કેળવી, ઉસ્માનભાઇ પાસેથી ટિકીટ અપાવવાના બહાને રૂપિયા ૨૦,૦૦,૦૦૦/- મેળવી લઇ, રૂપિયા પરત આપવાની ના પાડી દઇ ઉસ્માનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જે.જાડેજા ક્રાઈમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૭૬/૧૭**

**નારણપુરા :** ગાંડાભાઈ પ્રભુદાસ જાતે પટેલ (ઉ.વ.૫૪)(રહે,કાશીધામ ડુપ્લેક્ષ શિવશકતી સોસાયટી બાજુમાં સિલ્વર સ્ટાર ચાર રસ્તા ચાંદલોડીયા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૫/૧૧/૧૭ બપોરના ૪/૩૦ થી ૪/૪૫ સુધીનાં સમયગાળા દરમ્યાન નારણપુરા અમીકુંજ ચાર રસ્તા પાસે આવેલ નારણપુરા પોસ્ટ ઓફીસ આગળ રોડ ઉપર પોતાની લોડીંગ રિક્ષાની આગળ ની સીટ ઉપર મુકેલ એક કાળા કલરની બેગ કે જેમા રોકડ રૂપીયા ૬૭,૩૮૫/- મુકેલ હતા તે બેગની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વાલસીંગ મથુરભાઈ ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૨૩૭૭/૧૭**

**વેજલપુર :** ચંન્દ્રભાન સ/ઓ મરોદી કનૈયાલાલ સોનકર (રહે,જાદવનગર વાળીનાથ ચોકડી મેમનગર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૭ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે વિશાલા સર્કલના ખુણા ઉપર આવેલ વિશાલ જ્યુસ સેંટર નામનીલારી પાસે પોતાની ઓટોરીક્ષા જી.જે.૨૭.ડબ્લ્યુ.૯૧૮૧ કિંમત રૂપિયા ૨,૦૦,૦૦૦/- પાર્ક કરી મુકી હતી. જેની કોઇ અજાણી વ્યક્તિ તા.૨૨/૧૧/૧૭ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઇ.**શ્રી સર્વેલન્સ સ્કોર્ડ નાઓ ચલાવે છે.

**દાઝી જતાં મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૨૩૭૮/૧૭**

**શાહપુર :** જ્યોત્સનાબેન વા/ઓ કૃણાલભાઇ દાતણીયા (ઉ.વ.૨૦)(રહે,શંકર ભુવન કાચા છાપરા શાહપુર દરવાજા અંદર શાહપુર) તા.૧૭/૧૧/૧૭ ના કલાક ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના પિતા નાં ઘરે પ્રાઇમસ ઉપર રસોઇ બનાવતા હતા દરમ્યાન સાડીના છેડાને પ્રાઇમસની ઝાળ લાગતા, શરીરે ગંભીર રીતે દાઝી જતા, સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૫/૧૧/૧૭ ના કલાક ૮/૦૦ વાગે તેમનું મૃત્યુનિપજ્યુ હતુ આ અંગે શાહપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.ડી.બારીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૩૭૯/૧૭**

**વેજલપુર :** નિધીબેન વા/ઓ ચીરાગભાઇ કાપડિયા (ઉ.વ.૨૩)(રહે,કનકધામ એપાર્ટમેંટ વેજનાથ મહાદેવ મંદિર પાસે વેજલપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૧૭ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે જીવરાજ ચાર રસ્તા, સહજાનંદ ટાવર વાત્સલય ગાયનેક હોસ્પીટલ ખાતે પોતે પોતાની જાતે દવાની ગોળીઓ ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ડી.દેસાઇ ચલાવે છે.

**સરદારનગર :** સંજયભાઇ ખંડુજી ભગત(રહે,વાલ્મીકી આવાસ યોજના, નોબલનગર સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૨૫/૧૧/૧૭ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે હાથની કલાઇ કાપી બાદમાં છતના પંખા ઉપર દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સુનિલ રૂપાજી ચલાવે છે

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.